
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



જરા હસતુ મોં રાખીને મારી બનાવેલી વાનગી જમો.. મારે મારા ગ્રુપમાં વિડીયો શેર કરવો છે..!!

# અડાલજ સેન્ટોસા નીલલેન્ડ મકાન નં.૧૪ માંથી રૂ.૯.૧૯ લાખની ચોરી

### ઉપરના મજલે પરિવાર સુઈ રહ્યો હતો અને નીચે તસ્કરો તિજોરી-કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ ફરાર

ગાંધીનગર, તા.૧૪

અડાલજના સેન્ટોસા નીમલેન્ડ બંગ્લોઝના મકાન નં.૧૪ માં તસ્કરોએ ત્રાટકી તરખાટ મચાવ્યો છે. પરિવાર ઉપરના માળે સુઈ રહ્યો હતો અને નીચે રહેલી તિજોરી અને લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૯.૧૯ લાખથી વધુની મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બનાસકાંઠાના થરાદના માત્રાળા ગામના વતની શિલ્પાબેન પરમાર પરિવારમાં પતિ ભાનુભાઈ અને ત્રણ સંતાન છે. જયારે શિલ્પાબેનના પતિ ભાનુભાઈ થરાદ-ડીસા હાઈ વે પર નાયરાના પેટ્રોલ પંપ ચલાવે છે. ગત તા.૧૨ ના રોજ ભાનુભાઈ કામ હોવાથી રાજકોટ ગયા હતા.જયારે શિલ્પાબેન સંતાનો સાથે કુડાસણ ખાતે તુલસી ફાર્મમાં સંબંધીના લગ્ન પ્રસંગે ગયા હતા. લગ્ન પ્રસંગમાંથી રાત્રના સાડા અગીયાર વાગે નીકળી ઘરે જઈ મેઈન દરવાજો બંધ કરી ઉપરના માળે સુઈ ગયા હતા. બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો નીચેના રૂમમાં તિજોરી તેમજ લાકડાનું કબાટ ખુલ્લુ હતું.

જયારે તેમા રહેલો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. ઘરના મુખ્ય દરવાજો પણ ખુલ્લો હતો. જેથી તેમણે સંતાનોને નીચે બોલાવી ઘરમાં તપાસ કરી હતી. ઘરની તિજોરી અને કબાટમાંથી ચાંદીની પાયલ જોડ-૩, એક ૧૦૦ ગ્રામ ચાંદીના સિક્કો, ચાંદીના નાના સિક્કા નંગ-૮, કિષ્ન ભગવાનની ચાંદીની મૂર્તિ, સોનાની વીટી નંગ-૧૨, મંગળસુત્ર અઢી તોલાનું, સોનાના સેટ-બુટ્ટી ત્રણ સેટ, સોનાનું ડોકીયું પેન્ડલ સેટ, સોનાની ચુની નંગ-૩, ઘડીયાળ નંગ-૪ તેમજ રોકડા રૂ.૪૦ હજાર મળી કુલ રૂ.૯.૧૯.૬૪૦ની મત્તા ચોરી કરી ચોર શખ્સો ચોરી કરી છુમંતર થઈ ગયા છે.

જયારે આ સોસાયટીના અન્ય એક બંગ્લોઝમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો હોવાનું ધ્યાને આવ્યું છે.

જયારે એક બાઈક પણ ચોર શખ્સો ચોરી કરી લઈ ગયા છે. જયારે પોલીસે સીસીટીવી ફુટેજ, ડોગ સ્કવોડ અને ફીંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

## સે.૧ ૩બી ખાતે ખુલ્લી રહેવા દેવાયેલી પાઈપલાઈનના કારણે નાગરિકો ત્રાહિમામ



ગાંધીનગર તા. ૧૪

તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણી સંપન્ન થઈ છે જેમાં ફરી એકવાર વિકાસનો મુદ્દો મહત્વનો સાબિત થયો હતો. જો કે વિકાસ થવો એ સારી બાબત છે પરંતુ અધૂરા અને અસુરક્ષિત વિકાસ કાર્યો નાગરિકો માટે જોખમરૂપ બની રહે છે. છેલ્લા કેટલાક દિવસથી ગાંધીનગરમાં વિવિધ સેક્ટરમાં અધૂરા અને અસુરક્ષિત વિકાસ કાર્યોને કારણે નાગરિકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે અને તે અંગે ફરિયાદો ઉઠવા પામી રહી છે. ગાંધીનગરના સેક્ટર ૧૩/બી ખાતે પ્લોટ નં. ૮૫૦-૮૫૬ પાસે છેલ્લાં ત્રણેક માસથી ખોદકામ કરીને ખુલ્લી રહેવા દેવાયેલી પાઈપલાઈનના ખાડામાં વહેતા ગંદા પાણીને કારણે આ વિસ્તારના નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે અને ખુલ્લા ખાડા જોખમરૂપ બની રહ્યા છે. આ બાબતે સ્થાનિક વસાહતો દ્વારા પાણી-ગટરની સંલગ્ન કચેરીઓમાં ફરિયાદ કરવા છતાં કોઈ ફેલાવતો નથી અને આ કચેરીઓ અધૂરું રહેલું કામ પૂરું કરવાની બાબત એકબીજાને માથે ઢોળી રહી છે સેકટરના અગ્રણી વસાહતીઓનું કહેવું છે. સત્વરે આ પાઈપલાઈનનું કામકાજ પૂર્ણ કરવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં માંગ પ્રવર્તી રહી છે.

## ભાઈજીપુરા અંબાજી મંદિરે દંપતિની દિકરીના હાથમાંથી મોબાઈલ લઈ અજાણ્યો શખ્સ ફરાર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ભાઈજીપુરા નજીક આવેલા અંબે માતાના મંદિરે દંપતિ દર્શન કરવા માટે ગયા હતા. તે દરમિયાન દંપતિની એક વર્ષની બાળકના હાથમાંથી મોબાઈલ ચોરી અજાણ્યો શખ્સ પલાયન થઈ ગયો હતો. બનાવ અંગે વેપારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૧૦ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના કુડાસણ વિસ્તારમાં સનસાઈન હાઈટ ખાતે રહેતા ધવલ પ્રભુદાસભાઈ ચૌધરી હિંમતગનર ખાતે મગફળીની ફેકટરી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગતરોજ સાંજના સમયે ધવલભાઈ તેમના પત્ની અને એક વર્ષની દિકરી સાથે ભાઈજીપુરા નજીક આવેલા અંબાજી માતાના મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા. તે સમયે દિકરીને મોબાઈલ ફોન રમવા માટે આપીને દંપતિ દર્શનાર્થે ગયું હતું. દર્શન કરીને પરત ફરીને જોયુ તો દિકરીના હાથમાં મોબાઈલ ફોન ન હતો. જેથી દંપતિએ આસપાસના વિસ્તારમાં મોબાઈલ અંગે શોધખોળ કરી હતી. પરંતુ મોબાઈલનો કયાંક પત્તો લાગ્યો ન હતો. જેને પગલે ધવલભાઈએ ઓનલાઈન અરજી કરી હતી.

ત્યારબાદ ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આજે સેક્ટર ૪-ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૪

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સીના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો ૧૫મીએ યોજાશે.

જે સેક્ટર-૪-ડી પ્લોટ નં. ૧૩૫૪/૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

તો સર્વે ભાવિ ભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યુ હતુ.

## શહેરમાં હવે અકસ્માતગ્રસ્ત બાઈક પણ સલામત રહ્યા નથી..!

### કલોલ-સરઢવ માર્ગ પર નારાયણી ફાર્મ પાસેની ઘટના

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં વાહનચોરીએ માઝા મુકી છે. ઘર પાસે પાર્ક કરેલા વાહનો તો સલામત રહ્યા નથી. પરંતુ કલોલ-સરઢવ માર્ગ પર નારાયણી ફાર્મ પાસે અકસ્માતમાં નુકશાન પામેલ બાઈક પણ ચોર શખ્સો ઉઠાવી ગયા છે. ત્યારે બાઈક ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ-વામજ રોડ પર પથ હાઈલાઈટ સોસાયટી ખાતે રહેતા કંદર્પ ગંગાધરભાઈ ઓજા મહેસાણા જીઆઈડીસી ખાતે અજય એજન્સીમાં ઓફિસ બોય તરીકે નોકરી કરે છે. તેમનો દિકરો ગુંજન કલોક પંચવટી એપોલો ફાર્મસીમાં ફરજ બજાવે છે. ગત તા.૧૧ ના રોજ ગુંજન બાઈ કલઈને તેના મિત્રને મળવા માટે પેથાપુર જઈ રહ્યો હતો. તે સમયે કલોલ-સરઢવ માર્ગ પર નારાયણી ફાર્મ પાસે બાઈક સ્લીપ થઈ ગયું હતું. આ બનાવમાં ગુંજનને શરીરે ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો. જેથી ગુંજનનું બાઈક અકસ્માતની જગ્યા પર પડી રહ્યું હતું. જેથી કંદર્પભાઈએ તેમના સાળાને બાઈક લેવા માટે મોકલ્યા હતા.પરંતુ અકસ્માતના સ્થળ પર રાજુભાઈ પ્રજાપતિ પહોંચીને જોયુ તો બાઈક પડ્યું ન હતું. જેથી તેઓએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ ઈજાગ્રસ્ત બાઈકની ચોરીની ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીગનર શહેરી વિસ્તાર પોલીસના સઘન પેટ્રોલીંગ અને સીસીટીવી થી સજ્જ હોવા છતા વાહનચોર શખ્સો વાહન ચોરીને અંજામ આપી રહ્યા છે. વાહનચોરો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહયું છે. ત્યારે વાહનચોર શખ્સોને પકડવા માટે પોલીસ પણ રાત-દિવસ એક કરી કમરકસી રહી છે. ત્યારે ઘર પાસેના વાહનો તો બિન્દાસ્ત ચોર શખ્સ ઉઠાવી જાય છે. પરંતુ હવે અકસ્માતવાળા વાહનો પણ સલામત રહ્યા નથી.

## ખૂણેખાંચરેથી

● જિલ્લામાં સતત હવામાનમાં થઈ રહેલા ફેરફારો પછી હવે ઠંડી આક્રમક બનશે તેવી વાતો ખેડૂતોમાં થઈ રહી છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● કલોલ તાલુકામાં ઓરી-અછબડાના કેસો મળ્યાની વાતો બહાર આવવા પામી છે.

● ગાંધીનગર જિલ્લાતંત્રએ હવે સંપૂર્ણ ધ્યાન વહીવટીય કામગીરી પર કેન્દ્રીત કરી ગિયર બદલ્યો છે.

● જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝની નબળી કામગીરીએ તંત્રની ચિંતા વધારી છે.

● દહેગામ તાલુકામાં વારંવાર સર્જાઈ રહેલ ગંભીર જીવલેણ અકસ્માતોને પગલે તાલુકાની જનતામાં ભયની લાગણી છવાઈ જવા પામી છે.

● કલોલ તાલુકાના ડિંગુચા ગામની શિક્ષિકા જિજ્ઞાસાબેન પ્રજાપતિને ગૌરવ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

● કોલવડામાં ન્યુલાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્ટેપ અપ રમતોત્સવનું આયોજન ગાંધીનગર ટેકવોન્ડો એસો. દ્વારા કરાયુ હતુ.

● કડી કેમ્પસમાં આઈ.ટી. ફેર તથા કોમર્સ ડે ની ઉજવણી કરાઈ હતી.

● સે. ૨ અને ૭ પાસે ખોદેલા ખાડાઓ અકસ્માત નોતરશે તેવો ભય સેક્ટરવાસીઓમાં ઉભો થયો છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ અને શહેરમાં ૧૩ લોકોને પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● રાજય પંચાયત કર્મચારી મંડળના અગ્રણી અને જિલ્લા પંચાયત કર્મચારી મંડળના પ્રકાશ ત્રિવેદીને શ્વાસમાં તકલીફ થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમને આજે હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

● માર્ગ-મકાન વિભાગમાં આજે ઈજનેર સંવર્ગમાં બઢતીના હુકમો જારી કરાતા તંત્રમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

## પીંપળજ પાસે અજાણ્યા વાહનની અડફેટે મૃત્યુ પામનાર સગીરના ગુનાનો ભેદ ઉકેલાયો

### બનાવમાં ગામના જ યુવકની ધરપકડ, બાઈક જીપડાલામાં નાંખીને લઈ જતા કેમેરામાં કેદ થયા હતા.

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના પીંપળજ નજીક અજાણ્યા વાહનની ટક્કરે સ્કુટી ચાલક સગીરનું મૃત્યું નિપજયું હતું. ત્યારે પેથાપુર પોલીસે ટેકનીકલ, સર્વેલન્સ તેમજ સીસીટીવી ફુટેજને પગલે ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. પીંપળજના બાઈક ચાલકને પોલીસ દબોચી લીધો છે. જયારે અકસ્માત બાદ બાઈક જીપડાલામાં નાંખીને બે શખ્સો લઈ જતા કેમેરામાં કેદ થયા હતા. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પીંપળજ નજીક ગત તા.૧૫ નવેમ્બરના રોજ સવારના સમયે મયંક પટેલના દિકરાની સ્કુટીને અજાણ્યો વાહનચાલક ટક્કર મારી નાસી ગયો હતો. અકસ્માતમાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કિશોરનું મૃત્યુ નિપજયું હતું. આ વણઉકેલાયા ગુનાનો ભેદ ઉકેલવા માટે પોલીસે સર્વેલન્સ સ્કવોડને પરિણામલક્ષી તપાસ કરવા માટે સુચના આપી હતી. જેથી પોલીસના જવાનોએ આસપાસના વિસ્તારમાં પુછપરછ શરુ કરી તપાસ તેજ કરી હતી. પોલીસે અકસ્માત સ્થળની આસપાસના વિસ્તારના સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા.તે સમયે એક જીપ ડાલામાં બાઈકને લઈ જતા શંકાસ્પદ બે શખ્સો કેમેરામાં ઝડપાયા હતા. જીપડાલાના નંબરને પગલે પોલીસે તેના માલિકને શોધી કાઢ્યો હતો. જે અન્વયે આ અકસ્માત કરનાર નવા પીંપળજ ગામનો જયેન્દ્રસિંહ બળવંતસિંહ વાઘેલા હોવાનું સામે આવ્યું હતું. જયારે અકસ્માતમાં જયેન્દ્રસિંહને પણ ઈજા પહોંચતા સારવાર કરાવી હતી. જયારે પોલીસથી બચવા માટે બાઈકને જીપડાલામાં નાંખીને લઈ જવાયું હતું.

### માઉન્ટ કાર્મેલમાં ૧૭મીએ સ્પોર્ટસ અને કલ્ચરલ પ્રોગ્રામ

ગાંધીનગર, તા. ૧૪

માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે ૧૭મી તારીખે 'ફીસ્ટા દી કાર્મેલ - સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યુ છે. જે બપોરે ૩ વાગ્યે માઉન્ટ કાર્મેલ સ્કૂલ ગ્રાઉન્ડમાં યોજાશે.




ગાંધીનગર બાર એસોસીએશનની ચૂંટણી યોજાઈ રહી છે. ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવારોના કાર્યાલય તૈયાર થઈ ગયા છે અને ચૂંટણી પ્રચાર શરૂ થતાં વકીલઆલમમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




સખી મંડળ અને ગોલ્ડન વીંગ ક્લબ, ગાંધીનગરની બહેનો શ્રમિક પરિવારની દિકરીના લગ્નમાં મહેમાન બની હતી. સેક્ટર-૨૮ ચરેડી છાપરાં ખાતે રહેતી આ દિકરીને મહિલા મંડળની સભ્ય બહેનોએ લગ્નની સાડી સહિતની ચીજવસ્તુઓ ભેટમાં આપતા શ્રમિક પરિવાર ખુશખુશાલ બની ગયો હતો. સંસ્થાની બહેનોની આ કામગીરીને સૌએ બીરદાવી છે.

## અપસ્કીલની તક અને વધારાની આવક સાથે કારકિર્દી ઘડતાં ફ્લિપકાર્ટના ડિલિવરી પાર્ટનર્સ




ગાંધીનગર, તા. ૧૪

આજના યુગમાં પરંપરાગત બજારને બદલે ઓનલાઈન ડિજિટલ માર્કેટનું ચલણ વધી જવા પામ્યું છે. ઈ-કોમર્સના ક્ષેત્રમાં ફ્લિપકાર્ટ એક એવી કંપની છે જેના સાથે સંકળાયેલા નાના મોટા વ્યવસાયિકો સંતોષકારક આવક રળવા સાથે પોતાની કારકિર્દી પણ ઘડી રહ્યાં છે.

ફ્લિપકાર્ટ સાથે જોડાયેલા વ્યવસાયિકો પૈકી એક એવા સુરતનો અફઝલ શાહ જેઓ ત્રણ બાળકોનો પિતા છે એક મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરતો હતો પણ કમનસીબે કેટલીક પરિસ્થિતિને લીધે તેને નોકરી છોડવી પડી. તેણે બેટરી વેચાણમાં ઝંપલાવ્યું, પછી ધીમે-ધીમે તેને પોતાનો ફૂડ-બિઝનેસ શરૂ કર્યો. જો કે, આ બંને પ્રયત્નમાં તે અટકી પડ્યો. થોડા વર્ષો પહેલા તેના મિત્રએ તેને સલાહ આપ્યા બાદ, તેને ફ્લિપકાર્ટની સાથે એક કિરાણા ડિલિવરી પાર્ટનર તરીકે કામ કરવાનો મોકો મળ્યો. અફઝલ કહે છે, “ફ્લિપકાર્ટની સાથે મારો અનુભવ શ્રેષ્ઠ રહ્યો છે. મારા જીવનમાં સુધારો આવ્યો છે. હવે હું મારા બાળકોનો શૈક્ષણિક ખર્ચો સારો એવો છે, પણ હું તેને સંપૂર્ણપણે ઉઠાવી શકું છું, જે મને એક પિતા તરીકે ગર્વ અને ખુશીનો અનુભવ કરાવે છે.”

આવી જ એક કહાની છે, વિકાસ ગુપ્તાની જેના પિતા સરકારી હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે કામ કરે છે, તેણે દસમું પૂરું કર્યા બાદ, આઈટીએ કર્યુ અને તેના અનુસાર કારકીર્દીનું આયોજન કર્યું. પણ નસીબે તેનો સાથ ન આપ્યો, ક્ષેત્રમાં ઘણી સ્પર્ધાને કારણે યોગ્ય નોકરી મેળવવી મુશ્કેલ બનવાથી નિરાશ થયો હતો. ૧૮ વર્ષની નાની ઉંમરમાં જ તેને સુરતમાં પડોશીની બજારમાં તેની પોતાની દુકાન શરૂ કરી. હવે એક યુવાન તરીકે તેને એકલા હાથે પોતાની દુકાન ચલાવવાની સાથોસાથ ફ્લિપકાર્ટના ગ્રાહકોને પ્રોડક્ટ્સ ડિલિવરી કરવાની ચાલુ કરી. આજે તે કહે છે કે“હું ફ્લિપકાર્ટનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે કે, તેને મારો હાથ એવા સમયે પકડ્યો કે જ્યારે ઈ-કોમર્સ ડિલિવરી વિશેનો મારો બિઝનેસ અને માહિતી ખૂબ જ સામાન્ય હતી. તે હવે તેના પરિવારના કમાતા સભ્ય તરીકે ખુશ છે."

## ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૪

વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસ પ્રતિ વર્ષ તા.૧૪ ડિસેમ્બરે વિશ્વભરમાં ઊર્જા વપરાશના મહત્વ અને તેના દૈનિક વપરાશ, અછત અને વૈશ્વિક ઈકોસિસ્ટમમાં તેની અસરો વિષે જાગૃતિ લાવવા મનાવવામાં આવે છે. ઊર્જા સ્રોતોના સંદર્ભમાં માનવજાત સમક્ષ ભવિષ્યમાં કેવા પડકારો આવી શકે છે તે વિષે માહિતગાર કરે છે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા નાગરિકોમાં ગ્લોબલ વોર્મિંગ, કલાઈમેટ ચેન્જ અને ઊર્જાના સ્રોતોના સંરક્ષણ વિષે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં વિવિધ શાળાઓના બાળકો ઉત્સાહથી જોડાયા હતા.

ગુજરાત સાયન્સ સિટી દ્વારા વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી નિમિતે ખાસ ઈંટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સાયન્સ સિટી ખાતે એનર્જી એજ્યુકેશન પાર્ક ખાતે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ નિદર્શન દ્વારા વિવિધ ઊર્જા અને તે કેવી રીતે ઉત્પન્ન થાય છે તથા ઊર્જાની બચત કેવી રીતે થઈ શકે અને તેનો યોગ્ય વપરાશ કેવી રીતે કરી શકાય તે વિષે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી સમાજને વિજ્ઞાન સાથે જોડવા કટિબદ્ધ છે. સાયન્સ સિટી દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમો, પ્રવૃતિઓ અને મહત્વના દિવસોની ઉજવણી કરવામાં આવે છે જેથી કરી ને વિદ્યાર્થીઓ અને સમાજ માં વૈજ્ઞાનિક અભિગમ સુદ્રઢ કરી શકાય.

## એચ.એન.જે. કોબાવાળા શાળામાં વિદ્યાર્થીનીઓને નિ:શુલ્ક સાયકલોનું વિતરણ




ગાંધીનગર, તા. ૧૪

સરસ્વતી યોજના અંતર્ગત જી.ડી.એમ. તથા એચ.એન.જે. કોબાવાળા શાળામાં ધોરણ-૯ની કન્યાઓને વિનામૂલ્યે સાયકલોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં યોગેશભાઈ બી. નાયી પૂર્વ સરપંચ દ્વારા કોબા ગામની ઉપસ્થિતિમાં કન્યાઓને આ સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું હતું.